# વિશ્વ સાહસિક દિવસની ઉજવણી અહેવાલ

તા.-25/08/2023

વારઃ-શુક્રવાર

સૌનું ઉદ્દબોધન કરી પોતાના વક્તવ્યની શરૂઆત કરી શ્રી મુનેશભાઈ ખંડુભાઈ પટેલએ પોતાનો પરિચય આપ્યો ગામ-ધરમપુરી, તા.-વાંસદા, જિ.નવસારી. બે વર્ષના બી.એડ્.ના અભ્યાસક્રમની શરૂઆત થયાના વર્ષમાં જ તેઓ તાલીમાર્થી હતા. તે સમયે ફક્ત પાંચ ભાઈઓ તાલીમાર્થી હતા એમ જણાવ્યું. સાહસિક દિવસની ઉજવણી પ્રથમવાર પોતે જોઈ રહ્યા છે એ જણાવ્યું. મોંઘવારી, બેરોજગારીના સમયમાં ધંધો આવશ્યક પરિબળ છે તે જણાવ્યું.

તેમણે પોતાનું પ્રાથમિક શિક્ષણ પોતાની ગામની શાળા ધરમપુરી મુકામે લીધું હતુ. માધ્યમિક શિક્ષણ ધોળીકુવા અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ લીમઝર ખાતે મેળવ્યું હતુ. એમણે પી.ટી.સી. નો કોર્ષ કરી આગળના અભ્યાય માટે સ્નાતકની પદવી મેળવી. ત્યાર બાદ એક વર્ષ અભ્યાસમાં પૂર્ણવિરામ મુકી પોતાના વ્યવસાયમાં જોડાયા હતા. ત્યારબાદ 1 વર્ષ પછી ફરી અભ્યાસ માટે તેમણે સરકારી શિક્ષણ મહાવિદ્યાલય, વાંસદા ખાતે બી.એડ્.ના અભ્યાસ માટે જોડાયા. બી.એડ્.નો અભ્યાસ સફળતા પૂર્વક પૂર્ણ કરી એમ.એડ્.નો અભ્યાસ (External) વીસનગર ખાતે પૂર્ણ કર્યો હતો. મોરના ઈંડા ચીતરવા ન પડે એ કહેવતને અનુસરતા એમણે પોતાના પિતાશ્રી પાસેથી આ વ્યવસાય એમને વારસામાં મળ્યો. તેમના પિતા બહારગામ કામ અર્થે જતા હતા ત્યારે મુનેશભાઈએ પિતાશ્રીના કામને આગળ વધારવા કામ હાથ ધર્યું હતું. તેઓ બી.એડ્.નો અભ્યાસ કરતા હતા ત્યારે પણ તેઓ પોતાના વ્યવસાયમાં બે વ્યક્તિને રોજગારી આપી રહ્યા હતા.

તેમણે મોટા ઉદ્યોગની સ્થાપના માટે કુરેલિયા ગામની મુલાકાત લઈ માહિતી મેળવી અને કામની શરૂઆત કરી હતી. કોઈપણ કામ કરતાં પહેલા સારા વિચાર અને યોગ્ય માહિતી આવશ્યક છે. હાલના સમયમાં રાજકારણનું શિક્ષણ પરનું વર્તન વિશે માહિતી આપી. સિંહે પણ શિકાર માટે જંગલે જવું પડે છે એ કહેવતને અનુસરી પોતે લાકડાની પરખ અને સમજણ મેલવવા વધઈ વન સંરક્ષણની મુલાકાત લે છે તે જણાવ્યું. વન વિભાગ દ્વારા ફોરેસ્ટ પાસને કાનૂની રીતે મેળવે છે અને સાગના લાકડા મેળવે છે. તેમણે લાકડાની યોગ્ય માહિતી આપી, સાગના લાકડાનું  મહત્વ જણાવ્યું. નિષ્ફળતા એ સફળતાની ચાવી છે. નિષ્ફળતાને પોતાનું પગથિયું બનાવી સફળતાના પંથે હોવાનું જણાવે છે.

તેઓ પોતાના વ્યવસાયમાં સોફાસેટ, ડ્રેસીંગ ટેબલ, ડાઈનિંગ ટેબલ, કબાટ, પલંગ, ખુરશી વગેરે તમામ વસ્તુઓ બનાવે છે. સારી બનાવટને કારણે વાંસદાથી આઠ કિ.મી પર એમનું ગામ ધરમપુરી આવેલું છે છતાં પણ સુરત અને વડોદરા જેવા દૂરના શહેરોના પણ ગ્રાહકો એનમે ત્યાં આવે છે. પોતાના કામને એન્જિનિયરિંગ (ઈજનેરી) સાથે સરખાવે છે. તેઓ યોગ્ય બનાવટ તેમજ સારી ગુણવત્તાવાળી વસ્તુની બનાવટ કરે છે તે જણાવ્યું. કોઈપણ પ્રકારની ડિઝાઈનની વસ્તુની બનાવટ કરી આપે છે. ગ્રાહકોના અભિપારયો અને તેમના વ્યવહાર વિસે જણાવ્યું.

અંતે તેમણે તેમના વ્યવસાયની મુલાકાત માટે આમંત્રિત કર્યા. કોઈપણ જાતની એમના વ્યવસાય તરફથી મદદ જોઈએ તો તેઓએ મદદ માટે જણાવ્યું. સરકારી શિક્ષણ મહાવિદ્યાલય, વાંસદાએ સાહસિક દિવસની ઉજવણી માટે એમને પસંદ કર્યા તે માટે આચાર્યશ્રી તેમજ કોલેજ પરિવારનો આભાર માની પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું.


સરકારી શિક્ષણ મહાવિદ્યાલય, વાંસદા
તા.-વાંસદા, જિ.નવસારી
SSIP-2.0 અંતર્ગત
વિશ્વ ઉદ્યોગ સાહસિક્તા દિવસની ઉજવણી
તા.-25/08/2023
મુખ્ય વકતાશ્રીઃ- શ્રી મુનેશભાઈ પટેલ
આચાર્યશ્રી
ડૉ. દિલીપભાઈ.એમ. ગામીત
કો-ઓર્ડિનેટરશ્રી
ડૉ. મેરામણ એ. વૈરૂ
Aug 25, 2023 2:03:41 PM
20.7849748N 73.3539141E
Government B.Ed. College, Vansda


Aug 25, 2023 1:32:51 PM
20.7849914N 73.3539118E
Government B.Ed. College, Vansda


Aug 25, 2023 1:34:07 PM
20.7849625N 73.3539053E
Government B.Ed. College, Vansda


Aug 25, 2023 1:40:55 PM
20.7849076N 73.3539564E
Government B.Ed. College, Vansda


Aug 25, 2023 1:31:46 PM
20.7849574N 73.3539055E
Government B.Ed. College, Vansda


Aug 25, 2023 1:57:25 PM
20.7849912N 73.3539035E
Government B.Ed. College, Vansda